## વડીલોને વંદન
## અભિનંદન



રજનીકાંત એન.લીંબાચીયા
(૧૯૫૪)મો.૯૯૯૮૯૯૬૬૯૮



કનુભાઈ દવે
(૧૯૪૨)ફોન:૨૩૨૪૯૬૩૯

# શંકરસિંહને રાજકીય જવાબ આપવા પ્રદિપસિંહને મેદાનમાં ઉતાર્યા

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે આજે ૪,૧૫૫ દિવસ પૂર્ણ કર્યા છે. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાજ્ય સરકારે વિકાસના આધારે સિદ્ધિની સુવાસ ફેલાવી છે. રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં ભાગ લેતાં કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાજ્યપાલશ્રીના પ્રવચનમાં વિપક્ષના ૩૬ સભ્યોએ સુધારા સુચવ્યા હતા, પરંતુ આ સુધારાઓ રજૂ કરવા માટે વિપક્ષના એક પણ સભ્યએ હાજર રહેવાની ચેષ્ટા કરી ન હતી, આ અત્યંત ખેદજનક બાબત છે.

મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૧૨માં ગુજરાત રાજ્યની જનતાએ જનાદેશ આપીને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને જનસમર્થન આપ્યું અને વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાના સત્તાના સપનાં ચકનાચુર થઈ જતા લાગ્યા. તેમના ગઈકાલના વક્તવ્યમાં ઘોર રાજકીય હતાશાનો પ્રતિઘોષ હતો.

વિપક્ષના નેતાના આક્ષેપોનો જડબાતોડ જવાબ આપતાં મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગુજરાતના સ્વર્ણિમજયંતિ વર્ષની ઉજવણીમાં અત્યાર સુધીના ધારાસભ્યશ્રીઓને આમંત્રણ પાઠવ્યુ હતું. આ વિધાનસભા ગૃહના પોડિયમમાં અત્યાર સુધીના તમામ મુખ્યમંત્રીશ્રીઓના ફોટોગ્રાફ મુકવામાં આવ્યા છે ત્યારે ગુજરાતના લોકો અને શ્રી કેશુભાઈ આજે પણ ખજુરિયા કાંડને ભૂલ્યા નથી. 'ટનાટન સરકાર' હતી તેના માત્ર ચાર જ સભ્ય ચૂંટાયા હતા. તેમણે કોંગ્રેસના સભ્યોએ જ તારીખ ૨૦ ઓક્ટોબરના રોજ રાજ્યપાલને પાઠવેલા તહોમતનામાનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, કોંગ્રેસના સભ્યોએ જ શ્રી શંકરસિંહ વાઘેલાની સરકારે સામે જમીનના અનેક કૌભાંડો, નોકરીની ભરતીઓમાં મોટાપાયે ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ તથા અધિકારીઓની વારંવાર બદલીઓ સંદર્ભે ફરીયાદો કરી હતી. આવા વહીવટકર્તાઓની ગુજરાતની પ્રજાએ શ્રી વલે કરી છે તેના આપણે સહુ સાક્ષી છીએ. કોંગ્રેસના આગેવાનોને પ્રજાને ધરમૂળથી સાફ કરી નાખ્યા છે.

વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ પોતાના પ્રવચનમાં જે કહ્યું હતું તેનો પ્રતિભાવ આપતાં મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના આંકડાઓ કહે છે કે, ગુજરાત રાજ્યમાં જે ઔદ્યોગિક વિકાસ થયો છે તેને કારણે ગુજરાતમાં રોજગારીની તકોમાં ૭૨ ટકા વધારો થયો છે. છેલ્લા આઠ વર્ષોથી ગુજરાત રાજ્ય રોજગારીમાં સમગ્ર ભારતમાં પહેલા ક્રમે છે. આ ગુજરાત સરકારે કોલસાની દલાલીમાં કાળા હાથ કર્યા નથી, કોઈ હેલિકોપ્ટરમાં દલાલી કરી નથી કે કોઈ આદર્શ કૌભાંડ કર્યું નથી. આ સરકારે ખેલ મહાકુંભ કર્યો છે. ગુજરાતમાં ચૂંટણીના પરિણામો આવ્યા તે પહેલા કોંગ્રેસના આગેવાનોએ અંદરોઅંદર ખાતાંઓની ફાળવણી કરીને નવા કપડાં પણ શિવડાવી લીધા હતા. 'દશા બદલો, દિશા બદલો...'ના પ્રચારો કર્યા પરંતુ એવી દુર્દશા થઈ કે દિશા જ ભૂલાઈ ગઈ.

## સે. ૨૨ પરિવાર લગ્નમાં ગયા ને તસ્કરો કળા કરી ગયા

### પાછળનો દરવાજાનું લોક તોડી દાગીના સહિત અડધા લાખની ચોરી

ગાંધીનગર, તા. ૨૨

શહેરના સેક્ટર-૨૨ના બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો ઘરમાં પ્રવેશી સોના-ચાંદીના દાગીના સહિત રોકડ મળી કુલ રૂ. ૪૮,૫૦૦નો મુદ્દામાલ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સેક્ટર-૨૧ પોલીસમથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સેક્ટર-૨૧માં આવેલા રજનીગંધા ફ્લેટ પ્લોટ નં. ૨૦૨માં રહેતા સુરજીતસિંગ રાજવંતસિંગ માન ગુજરાત અંબુજા એક્સપોર્ટ લિ. કંપનીમાં પ્રોડક્શન ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તેઓ ગત તા. ૧૩ ફેબ્રુઆરીના રોજ પોતાનું ઘર બંધ કરી તેમના સાળાના લગ્ન હોવાથી રાણીપ ગયા હતા. તે દરમ્યાન તસ્કરો ઘરના પાછળના દરવાજાનું તાળુ તોડી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂ. ૪૦,૦૦૦ મળીને કુલ રૂ. ૪૮,૫૦૦નો મુદ્દામાલ ચોરી કરી લઈ ગયા હતા. સુરજીતસિંગ માને સેક્ટર-૨૧ પોલીસમથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. આર.આર. રાઠવા કરી રહ્યા છે.

## મહાગુજરાતના પ્રણેતા ઈન્દુલાલ યાજ્ઞિકના તૈલચિત્રને પુષ્પાંજલિ

મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ મહાગુજરાત આંદોલનના પ્રણેતા સ્વ. ઈન્દુલાલ યાજ્ઞિકના આજે ૧૨૨માં જન્મ દિવસે વિધાનસભા પોડિયમમાં ઈન્દુચાચાના તૈલચિત્રને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળા, વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, મુખ્ય દંડકશ્રી તથા ધારાસભ્યશ્રીઓએ પણ સ્વ. ઈન્દુચાચાના તૈલચિત્ર સમક્ષ ભાવાંજલિ અર્પણ કરી હતી.

## પોલીસ પોતાના આરોગ્યની જાળવણી કરે તે માટે સેમીનાર

### બે દિવસ માટે હેડક્વાર્ટરમાં મેડીકલ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના પોલીસ કર્મચારી આરોગ્ય જાળવણી માટે સતર્ક થાય તે માટે એપોલો હોસ્પિટલના સહયોગથી જિલ્લા પોલીસવડાએ આજે સાંજે ૪ કલાકે ટાઉનહોલ ખાતે સેમીનારનું આયોજન કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં પોલીસ કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લા પોલીસ બેડામાં તાજેતરમાં ટુંકા ગાળામાં કેટલાક પોલીસ કર્મચારીઓના હાર્ટએટેક કે અન્ય અકુદરતી મૃત્યુના બનાવો બનતા જિલ્લા પોલીસ વડા શરલ સિંઘલ દ્વારા આવા બનાવોનું પ્રમાણ ઘટે તથા કર્મચારી પોતાના આરોગ્યની જાળવણી માટે સતર્ક રહે અને હૃદયરોગ અંગેની સમજણ, સારીરીક સજ્જતા તથા ખોરાક માટેની કાળજી રાખે તે માટે સેમીનાર યોજ્યો હતો. જેમાં એપોલો હોસ્પિટલના કાડીયોલોજીસ્ટ ડૉ. સમીર દાણી અને ડાયેટીશીયન ડૉ. નુપુર જૈને હાજર પોલીસ કર્મીઓને લાંબા સમય સુધી ફરજ પર હાજર રહેવું પડતુ હોવાથી કેવા પ્રકારનો કોરાક લેવો જોઈએ અને કેટલા સમયના અંતરે લેવો જોઈએ તેવી સવિસ્તાર માહિતી પોલીસ અધિકારી/કર્મચારીઓને આપી હતી. વધુમાં તા. ૨૩, ૨૪ના સવારે ૯ થી ૪ દરમિયાન મેડીકલ કેમ્પનું આયોજન પોલીસ હેડ ક્વાર્ટર ખાતે કરવામાં આવ્યું છે. જેમાં એપોલો હોસ્પિટલના આંખના દર્શન ફિઝીશીયન, અન્ય નિષ્ણાત ડૉક્ટરો સહિત પેથોલોજીસ્ટની ટીમ હાજર રહી તબીબી ચકાસણી અને નિદાન કરશે.

## સૌરાષ્ટ્ર અવતરણ નર્મદા ઈરીગેશન યોજનાના સર્વેની કામગીરી કરવાની માંગણી કરતા કેશુભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૨

સૌરાષ્ટ્ર અને કચ્છમાં પીવાના પાણીની ઉભી થયેલી તીવ્રતંગી નિવારવા પગલા લેવા અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સૌરાષ્ટ્ર અવતરણ નર્મદા ઈરીગેશનની કરેલી જાહેરાત પૂર્વેસર્વેની કામગીરી કરવાની માંગણી ગુજરાત પરીવર્તન પાર્ટીના અધ્યક્ષ અને ધારાસભ્ય કેશુભાઈ પટેલે કરી છે.

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવની ચર્ચામાં ભાગ લેતા ગુજરાત પરિવર્તન પાર્ટીના ધારાસભ્ય કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર કચ્છમાં પીવાના પાણીની ગંભીર પરિસ્થિતિ ઉભી થયેલી છે. આ વિસ્તારની પ્રજાને ટેન્કર દ્વારા પીવાનું પાણી પહોંચાડવા વ્યવસ્થા કરવી જોઈએ.

તેમણે જણાવ્યું હતું કે પાઈપલાઈન નાંખી છે પરંતુ તેમાં પાણી આવતું નથી. મુખ્યમંત્રી મોદીએ સૌરાષ્ટ્ર અવતરણ નર્મદા ઈરીગેશન માટે જાહેરાત કરી છે. તેમાં પહેલા સર્વે કરવો જોઈએ. સરકારે જે જાહેરાતો કરી છે તેનો અમલ કરવો જરૂરી છે.

સૌરાષ્ટ્રના જળાશયો ભરવા માટે નક્કર આયોજન કરવું જરૂરી છે. ત્રણ માસમાં ૪૮૦૦ કિ.મી.ની કેનાલો કરવાની જાહેરાતો કરી છે પરંતુ મારે પુછવું છે કે વાસ્તવમાં આટલા ટુંકા સમયમાં આ કામગીરી શક્ય છે ખરી. ગુજરાત સરકારને સિંચાઈના કામો પુરા કરવા મંજુરી મળતી નથી. સિંચાઈના કામો પૂર્ણ કરવા આ સરકારની ઈચ્છા શક્તિ જ નથી તેવો આક્ષેપ કેશુભાઈ પટેલે કર્યો હતો.

## સેક્ટર-૨૦ની યુવતી આઠ માસથી ગુમ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સેક્ટર-૨૦ના અક્ષરધામ મંદિર પાસેના કાચા છાપરાંમાં રેશમા દિપકભાઈ જગતસિંહ દરજી (ગુરખા) ઉ.વ.૧૯, તા. ૭મી જૂનથી ક્યાંક ચાલી ગયેલ છે. જે શરીરે પાતળા બાંધાની, રંગે ઘઉંવર્ણી છે. મોઢું લંબગોળ છે. સાડા ચાર ફૂટ ઊંચાઈ છે. ડાબી આંખ ત્રાંસી છે. ગુજરાતી હિન્દી, નેપાળી, ભાષાની જાણકારી ધરાવે છે. સેક્ટર-૨૧ની પોલીસ ખાતાની યાદીમાં જાણ કરેલ છે.



## દિલ્હી ખાતે ૧લી માર્ચે ભાજપની રાષ્ટ્રીય કારોબારી મળશે

ગાંધીનગર, તા. ૨૨

દિલ્હી ખાતે આગામી બીજી માર્ચના રોજ મળનારી ભાજપની રાષ્ટ્રીય કારોબારી બેઠકમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને પક્ષના ઉપાધ્યક્ષ બનાવવામાં આવશે અને ભાજપ ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ બનાવવાનો નિર્ણય લઈને વિધિવત જાહેરાત કરવામાં આવશે.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ભાજપ દ્વારા વડાપ્રધાનના પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. ભાજપના અનેક નેતાઓએ અત્યાર સુધીમાં નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર હોવાનું કહી ચૂક્યા છે.

ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠક આગામી બીજી માર્ચના રોજ મળનારી છે. આ બેઠકમાં આગામી વર્ષ-૨૦૧૪માં યોજાનારી લોકસભા ચૂંટણી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે અને ભાજપને વીજય બનાવવા માટે રણનિતી ઘડી કાઢવામાં આવશે.

આ ઉપરાંત આ બેઠકમાં વડાપ્રધાન પદ માટે ભાજપના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદીના નામ અંગે પણ ચર્ચા વિચારણા કરીને આગામી લોકસભા ચૂંટણીમાં મહત્વની જવાબદારી સોંપવા અંગે પણ નિર્ણય લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને સૌપ્રથમ ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બનાવવામાં આવશે અને તેની સાથે જ તેમને આગામી લોકસભા ચૂંટણી માટે ભાજપની રાષ્ટ્રીય ચૂંટણી સમિતિના અધ્યક્ષની મહત્વની જવાબદારી સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આગામી ૨જી માર્ચના રોજ ભાજપની રાષ્ટ્રીય કારોબારી દિલ્હી ખાતે મળનારી છે ત્યારે રાજકીય ગતિવિધિઓ તેજ બની જવા પામી છે. કારણ કે આ બેઠકમાં ભાજપમાંથી વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદીના નામ પર નિર્ણય લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ દિલ્હી ખાતે ૧લી માર્ચથી શરૂ થઈ રહેલી ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં ગુજરાત ભાજપના પ્રદેશ આગેવાનો, સાંસદો, અને ધારાસભ્યો આ બેઠકમાં ઉપસ્થિત રહેવા માટે ૧લીથી દિલ્હી જનાર હોવાનુ જાણવા મળે છે.

## હૈદરાબાદ બોમ્બ વિસ્ફોટમાં મૃત્યુ પામેલા પ્રત્યે ઉંડી સંવેદના વ્યકત કરતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ ગઈ કાલે સાંજે હૈદરાબાદમાં થયેલ બોમ્બ વિસ્ફોટની ઘટનામાં મૃત્યુ પામેલાઓ પ્રત્યે ઉંડી સંવેદના વ્યકત કરી હતી અને ઈજાગ્રસ્તો ઝડપથી પુનઃ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરે તેવી આશા પણ તેમણે વ્યકત કરી છે.

## વિધવા સહાય મેળવવા અરજી કરવાની સમયમર્યાદા દૂર કરાઈ : મામલતદારોને અરજી કરી શકાશે

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત સરકાર 'વૈષ્ણવજન...'ની ભૂમિકામાં રહીને વિધવા સહાય યોજનાનું અમલીકરણ કરી રહી છે. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તારીખ ૧ એપ્રિલ, ૨૦૧૨થી વિધવા સહાયમાં અપાતી રકમમાં ૫૦ ટકાનો વધારો કર્યો છે, અને અત્યારે ગુજરાત રાજ્યમાં વિધવા સહાય પેટે રૂ. ૭૫૦ અને તેમના સગીર વયના બે બાળકો માટે રૂ. ૧૦૦-૧૦૦ની સહાય આપવામાં આવી રહી છે.

મહિલા અને બાળ કલ્યાણ રાજયમંત્રીશ્રી પ્રો. વસુબેન ત્રિવેદીએ રાજય વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી દરમિયાન બોલતાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં શહેરી વિસ્તારોમાં રૂ. ૩૬,૦૦૦ની વાર્ષિક આવકની મર્યાદા સુધઈ અને ગ્રામીણ વિસ્તારોમાં વાર્ષિક રૂ. ૨૭,૦૦૦ની વાર્ષિક આવકની મર્યાદા સુધી અને ગ્રામીણ વિસ્તારોમાં વાર્ષિક રૂ. ૨૭,૦૦૦ ની મર્યાદા સુધીની આવક ધરાવતી વિધવા મહિલાઓને વિધવાસહાય ચુકવવામાં આવી રહી છે.

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ પણ વિધવા સહાય અંગેના જે ક પ્રશ્નનો જવાબ આપતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે વિધવા સહાયની પદ્ધતિ વધુ સરળ અને ઝડપી બનાવવા અરજી કરવાની સમયમર્યાદા હતી, તે પણ હટાવી દીધી છે એટલે જ નહીં વિધવા સહાય હવે તાલુકા કક્ષાએ મામલતદારને જ કરી શકાય છે અને અરજીઓ મંજુર કરવાની સત્તા પણ મામલતદારને આપવામાં આવી છે.

દાહોદ જિલ્લામાં ડિસેમ્બર-૨૦૧૨ સુધીમાં બે વર્ષ દરમિયાન વિધવા સહાય મેળવવા માટે કુલ ૮૯૦ અરજીઓ આવી હતી તે પૈકીની ૬૮૯ અરજીઓ મંજૂર કરીને વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા છે. જ્યારે નર્મદા જિલ્લામાં કુલ ૪૯૭ અરજીઓ મળી હતી, તે પૈકીની ૩૦૭ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

## વણકર સમાજનો ૧૫મો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતેના વણકર સેવા સમાજ દ્વારા ૧૨મી મે ૨૦૧૩ના રોજ ૧૫મો સમૂહ લગ્નોત્સવ યોજાશે. સમૂહ લગ્નોત્સવમાં ભાગ લેવા ઈચ્છતા ગાંધીનગર શહેર અને જિલ્લાના વણકર સમાજના યુવક યુવતીએ સંસ્થાના હોદ્દેદાર હરગોવનભાઈ વાઘેલા, પ્લોટ નં. ૩૨૦/એ/૨, આસપાલવ સોસાયટી, સેકટર-૮, ગાંધીનગર અથવા વિષ્ણુભાઈ વાઘેલા પ્લોટ નં. ૨૯૭/એ, સેકટર-૪-એ ચંદન તલાવડી પાસે, ગાંધીનગરનો સંપર્ક કરવા એચ.એમ. વાઘેલાએ જણાવ્યું છે.

## શબ્દાવલી - ૪૯૮૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ■ | ૪ | ■ |
| ૫ | | | ■ | ૬ | ૭ | | ૮ |
| ■ | | ■ | ૯ | | | ■ | |
| ૧૦ | | | ■ | | ■ | ૧૧ | |
| | ■ | ■ | ૧૨ | | ■ | | ■ |
| | ■ | ૧૩ | | | ■ | ૧૪ | |
| ૧૫ | ૧૬ | | | ■ | ૧૭ | | ■ |
| ■ | ૧૮ | | | ■ | ૧૯ | | |

### આડી ચાવી

૧. ઉપાચત (૪)
૫. એક જાતનું કાપડ (૩)
૬. વહેમી (૪)
૯. મુશ્કેલી, નડતર (૩)
૧૦. કાણુ, છિદ્ર (૩)
૧૧. ખેતર, ... વજીફો (૨)
૧૨. મશીન, યંત્ર (૨)
૧૩. પ્રિન્સીપાલ (૩)
૧૪. ફરજ (૨)
૧૫. ત્રીજો અક્ષર બાદ કરતાં 'નકલ' થાય (૪)
૧૭. એક-બે-ત્રણ.... પાંચ (૨)
૧૮. ... આવવી, તેજી (૩)
૧૯. સ્હેજ, જરાક (૩)

### ઊભી ચાવી

૧. ઝટકો, ઘા (૨)
૨. લીટી ભેગો... (૪) (કહેવત)
૩. મેરૂ,મેરખો (૨)
૪. આનંદ (૨)
૬. કેવલાદ્વૈતના પર્વતક આચાર્ય (૫)
૭. સોનાને... ના લાગે (૨)
૮. સોનાની ઈંટ (૩)
૧૦. પાર્સલ, બુધ્ધિનું... કહેવાય (૪)
૧૧. વારા પ્રમાણે એક પછી એક (૫)
૧૨. સંચાલન કરનાર (૪)
૧૩. બેસવાનું બિછાનું (૩)
૧૬. બરફના વરસાદનો કણ (૨)
૧૭. કુંભાર... ની ઉપર માટલા ઘડે (૨)

### શબ્દાવલી ૪૯૮૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) નવેસર (૫) ટંકશાળ (૬) કાટ (૭) ઈકોત્તેર (૧૦) પળ (૧૧) અંતર (૧૩) નિમંત્રણ (૧૪) મટકા (૧૫) મમત (૧૬) સકારણ

**ઊભી ચાવી :-** (૧) નનૈયો (૨) સબડકો (૩) વિકટ (૪) યાળ (૫) ટંકાર (૭) ઈજ્જત (૮) તેલ (૯) કળણ (૧૦) પત્રકાર (૧૧) અંતિમ (૧૨) રમત (૧૩) નિકાસ

## આવક કરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અરજદારોનો સમય અને નાણાં ન બગડે તે મુજબની મોડલરૂપ કામગીરી કરવામાં આવી રહી હોવાનું જણાવાય છે. રાજ્યનું રોડનેટવર્ક સુધારવા એકબાજુ સરકાર દ્વારા પણ માર્ગ નવીનીકરણના તથા નવા કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. જ્યારે છેલ્લા એક દસકામાં વાહનોની સંખ્યામાં હજારો ગણો વધારો થયો છે. આવા સંજોગોમાં ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીની આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. વિધાનસભા સત્ર દરમિયાન ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલે છેલ્લા એક વર્ષમાં આર.ટી.ઓ. કચેરીએ કેટલી આવક કરી તે અંગે પ્રશ્ન પુછ્યો હતો. આ પ્રશ્નના ઉત્તરમાં વાહન વ્યવહાર મંત્રી નિતીન પટેલે જણાવ્યું હતું કે ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીએ વર્ષ-૨૦૧૨-૧૩ના વર્ષમાં તા. ૩૧ ડિસેમ્બર-૨૦૧૨ સુધીમાં રૂ. ૬૧.૮૫ કરોડની આવક થઈ છે. જ્યારે આર.ટીઓ.એ ગત વર્ષ કરતા રૂ. ૧ કરોડની વધુ આવક કરી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. આર. ટી. ઓ. કચેરીમાં હાઈસિક્યોરીટી નંબર પ્લેટ ફરજિયાત કરી દેવાયા બાદ ડ્રાઈવીંગ લાયસન્સ માટે ટ્રેક પણ તૈયાર કરી દેવાયો છે. અદ્યતન આર.ટી.ઓ. કચેરીને સુવિધાસભર બનાવાતા આગામી દિવસોમાં હજુ આવકનું પ્રમાણ વધે તેવી સંભાવના છે.

## રીસરવે માટે.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાંધાઓ સાંભળવા પડતા હોય છે. દરેક ખેડૂતના, બે ખેડૂતોને બોલાવીને વાંધા સાંભળવાની કામગીરી ૬૩ ગામોમાં પૂર્ણ થઈ છે.

રિસરવેના આધારે નવુ રેકર્ડ ૩૯ ગામોનું તૈયાર થઈ રહ્યું છે અને તે પણ તૈયાર કરી આખરી કરવા માટેનું પ્લાનીંગ થઈ ચુક્યુ છે.

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે આ પ્રશ્નના પુછેલા એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યું હતુ કે સો વર્ષથી આ જમીનનો આપણે રીસરવે ન કર્યો એના કારણે રાજ્યની અંદર જે પ્રશ્નો ઉભા થયા એમાં નદીઓના પોતાના પટ બદલાઈ ગયા, નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવે વગેરે અને એટલે પણ જમીનો જતી રહે, ખેડૂતો જમીનોની લે-વેચ કરે એટલે પણ જમીનોનું ક્ષેત્રફળ વગેરે બદલાઈ જાય છે. આમ હવે અદ્યતન રેકર્ડ હવે તૈયાર થશે. આ ઉપરાંત નમૂના નં. ૭ અને નમૂના નં. ૧૨ પહેલાં જે એક જ આપવામાં આવતુ હતુ તે હવે અલગ અલગ આપવાનો પણ નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

જમીન માપણી દરમ્યાન હદ નિશાન નહિ મુકવામાં આવતા હોવાની કોંગીના ડૉ. જોશીઆરાએ કરેલી ફરિયાદને ફગાવતાં મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સાબરકાંઠામાં પણ રિસરવે ચાલે છે જરા રૂબરૂ જઈ તપાસ કરજો. હદ નિશાન મુકી નકશો તૈયાર કરી ખેડૂતને બતાવવામાં આવે છે. જેમાં ખેતરનો આ દિશાનો નકશઓ પણ અપાય છે.

કોંગીના જ શ્રી સી.કે. રાઉલજીએ પુછેલા એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે અગાઉ રાજ્યમાં છુટક છુટક રિસરવેની કામગીરી થઈ હશે આ રાજ્યવ્યાપી રિસરવેની કામગીરી ઘણા વર્ષો પછી હાથ ધરવામાં આવી છે.

મહેસુલમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રાજ્યવ્યાપી જમીનનો સરવે ૧૯૧૬માં થયો હતો. તેમણે જણાવ્યું હતુ કે આ સર્વેની કામગીરી સર્વેયરો દ્વારા નથી થતી આઉટ સોર્સીંગ દ્વારા કામગીરી ચાલી રહી છે. આખા દેશમાં આવી કામગીરી કરતી સંસ્થાઓ સાતથી આઠ છે. અને આપણે નિષ્ણાતો દ્વારા આ કામગીરી કરાવી રહ્યા છીએ.

## કરપીણ હત્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પહોંચવામાં સફળતા મળી નથી. હત્યા પાછળ લુંટનો ઈરાદો ન હોવાનું સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે. તબીબની પત્નિએ પહેરેલા દાગીના તથા ઘરનો કિંમતી સામાન પણ તેમ ને તેમ હોવાથી લુંટની થિયરી ન હોવાનું પોલીસ જણાવી રહી છે. તે રીતે ઘરનો સામાન વ્યવસ્થિત પડયો હતો તેનાથી કોઈ જાણ ભેદુ શખ્સ હત્યારો હોવાની પ્રબળ શકયતા વર્તાઈ રહી છે. રશ્મિબેનનું મર્ડર કોઈ ધારદાર (તિક્ષ્ણ) છરાથી ગળાના આગળના ભાગે એક જ ઝાટકે ફેરવી દઈને થયું છે. રશ્મિબેનના ગળે આશરે એક ઈંચ ઊંડો અને ચાર આંગળ લાંબો ઘા પડેલો છે. સે-૭ પોલીસે મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે મોકલીને વૈજ્ઞાનિક ઢબે તપાસ શરુ કરીને હત્યારા સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.


## મતદારયાદીની સુધારણા-૨૦૧૩

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૩ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક....**

### આપે આપનું નામ મતદારયાદીમાં ચકાસી લીધું ?

જો ના, તો મતદારયાદીનો મુસદ્દો તા. ૧૧-૨-૨૦૧૩ના રોજ પ્રસિદ્ધ થઈ ગયેલ છે તા. ૨૬-૨-૨૦૧૩ સુધી નીચે જણાવેલ સ્થળોએ રાખેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો.

● કલેક્ટર કચેરી
● મ્યુનિસિપલ કોર્પોરેશનની વૉર્ડ કચેરી
● મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી
● ગ્રામ પંચાયતની કચેરી
● મામલતદાર કચેરી
● મ્યુનિસિપાલિટી

મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

● તા. ૧-૧-૨૦૧૩ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
● નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
● મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કવી.
● મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
● એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો.

......................

તા. ૨૪-૨-૨૦૧૩ના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૯-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ **www.ceogujarat.nic.in** પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

### યાદ રાખો

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.

**અરજી કરવાની તારીખ : તા. ૨૬-૨-૨૦૧૩**

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.**

માહિતી/૨૨૯૧/૧૨-૧૩

- મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય